## 1. મુલાકાત પ્રયુક્તિ અને પ્રશ્નાવલિ પ્રયુક્તિની તુલના કરો.

➢ સર્વેક્ષણ પદ્ધતિમાં માહિતી એકત્રિત કરવા માટે મુલાકાત અને પ્રશ્નાવલિ એમ બે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે મુલાકાત અને પ્રશ્નાવલિ પ્રયુક્તિની તુલનાત્મક રજૂઆત નીચે પ્રમાણે છે :

| મુલાકાત પ્રયુક્તિ | પ્રશ્નાવલિ |
|---|---|
| 1. નાનકડા સમુદાયમાં નજીક રહેતી વ્યક્તિઓ પાસેથી મુલાકાત દ્વારા માહિતી મેળવવી સરળ છે. એકબીજાથી દૂરના અંતરે રહેતી વ્યક્તિઓની મુલાકાત લેવી મુશ્કેલ છે. | 1. પ્રશ્નાવલિ પ્રયુક્તિ વિશાળ ભોગોલિક ક્ષેત્રેમાં વસવાટ કરતાં સમુદાયના સભ્યો અથવા દૂર દૂર વસવાટ કરતાં નાનકડા સમુદાયના સભ્યો પાસેથી માહિતી મેળવામાં ઉપયોગી છે. |
| 2. મુલાકાત દરમિયાન શિક્ષિત, નિરક્ષર, ગુનેગાર, વેપારી, ધારા સભ્ય, બાળકો વગેરે તમામ કક્ષાની વ્યક્તિઓ પાસેથી માહિતી મેળવી શકાય છે. | 2. પ્રશ્નાવલિ દ્વારા સાસરે વ્યકિતઓ પાસેથી જ માહિતી મેળવી શકાય છે.નિરક્ષર વ્યકિત પશેઠી માહિતી મેળવી શકાતી  નથી. |
| 3. વિચારો, ધોરણોઓ, વલણો, ખ્યાલો, વિભાવનાઓ વગેરે અમૂર્ત બાબતોની અસર વ્યક્તિની વર્તણૂક પર પડે છે. મુલાકાત પ્રયુક્તિની મદદથી તેના વિશે માહિતી મેળવી શકાય છે. | 3. પ્રશ્નાવલિમાં મર્યાદિત પ્રશ્નોનો જ સમાવેશ કરવામાં આવે છે પરિણામે તેના દ્વારા ઊડણપૂર્વકનો અભ્યાસ શક્ય બનતો નથી. |
| 4. મુલાકાત પ્રયુક્તિ દ્વારા સંશોધન કરતી વખતે સંશોધકે અનેક વ્યક્તિઓનો એકથી વધુ વખત સંપર્ક સાધી માહિતી મેળવવી પડે છે. પરિણામે તેમનો કીમતી સમય વેડફાય છે. | 4. પ્રશ્નાવલિ પ્રયુક્તિ દ્વારા ખૂબ જ ઓછા સમયમાં સંશોધન કાર્ય પૂરું કરી શકાય છે. |
| 5. ઘણી વાર વિશાળ ભૌગોલિક ક્ષેત્રમાં અનેક વ્યક્તિઓની મુલાકાત લઈ માહિતી ભેગી કરવાની હોય છે, ત્યારે સંશોધક એકલો તે કામ કરી શકતો નથી તેને મદદનીશ સંશોધકોની જરૂર પડે છે. આમ, સમય અને નાણાંનો ખર્ચ વધારે થાય છે. | 5. પ્રશ્નાવલિ પ્રયુક્તિમાં સમય અને નાણાંનો ખર્ચ ઓછો થાય છે. સંશોધક ખૂબ સરળતાથી સમગ્ર સંશોધન કાર્યનું સંચાલન એકલે હાથે કરી શકે છે. |
| 6.મુલાકાત પ્રયુક્તિમાં મુલાકાત આપનાર વ્યક્તિઓના પૂર્વગ્રહ કે પક્ષપાત પ્રગટ થયા વિના રહેતા નથી. પરિણામે મુલાકાત દ્વારા મેળવેલી માહિતીની વિશ્વસનીયતા અને પ્રામાણિકતા વિશે શંકા રહે છે. | 6. પ્રશ્નાવલિના ઉતરો લખતી વખતે ઉતરદાતા સ્વ્તંત્ર હોય છે. તેની પર કોઈ પણ પ્રકાર નું દબાણ હોતું નથી. આથી તે યોગ્ય જવાબો નીઃ સંકોચપણે આપે છે. |
| 7. ઘણી વાર ગ્રામ્ય કે આદિવાસી વિસ્તારોમાં અશિક્ષિત લોકોની મુલાકાત લઈ માહિતી પસંદ કરવામાં એકઠી કરવાની હોય છે ત્યારે તેમને મુલાકાત સામાજિક, શૈક્ષ માટે તૈયાર કરવામાં ભારે મુશ્કેલી પડે છે. કેટલીક વાર નિરક્ષર અને રૂઢિચુસ્ત સમુદાયની મહિલાઓ પાસેથી અંગત માહિતી મેળવવી અશક્ય બને છે. | 7. સામાજિક સમૂહમાથી જે ઉતરદાતાઓને પસંદ કરવામાં  આવે છે. તેઓનું સાસ્કૃતિક, સામાજિક શૈક્ષણિક, ધાર્મિક તથા આર્થિક સ્તરે એકસરખું હોતું નથી. પરિણામે તમામ સ્તરના સર્વસામાન્ય પ્રશ્નોની રચના કરવી પ્રશ્નાવલિમાં શક્ય બનતી નથી. |